# અરિહંત આયુર્વેદિક મેડિકલ કૉલેજ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર સંચાલીત અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ડિસેમ્બર માસ દરમ્યાન યુનિવર્સિટીના આસપાસ નાં ગ્રામ્ય વિસ્તારોમાં જેમ કે કલોલ, શેરથા, ધમાસણા તેમ જ યુનિવર્સિટી કેમ્પસ માં વિવિધ રોગોનાં નિદાન અને ચિકિત્સા તેમજ સુવર્ણ પ્રાશન કેમ્પ નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું.







આ કેમ્પ યોજવા પાછળ મુખ્ય હેતુ ગ્રામીણ ક્ષેત્રે આયુર્વેદ ચિકિત્સા ની અમૂલ્ય સારવાર લોકો ને મળી રહે તેમ જ આયુર્વેદિક સાયન્સ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. ઉપાયો વિશે માહિતગાર કરવામાં આવ્યાં.

આજ નાં સમય માં લોકોની ફાસ્ટ લાઈફસ્ટાઈલ,રોજિંદા જીવનમાં કસરતનો અભાવ, માનસિક તણાવ, ફાસ્ટ ફૂડનાં ગ્રામ્યજનો ને કોરોના સામે રક્ષણ માટે દશમૂલ, ગુડૂચી અને ત્રિકટુ આદિ ઔષધિ યુક્ત ઉકાળા અને સંશમની વટીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત હોસ્પિટલ નાં નિષ્ણાંત વૈદ્યો દ્વારા કોવિડ-૧૯ સામે સંરક્ષણ માટે નાં લીધે તેમજ અન્ય કારણોના લીધે સાંધા ને લગતી તકલીફો, ચામડી અને પેટ નાં રોગો, આંખો ને લગતી સમસ્યાઓ, બાળ રોગો નું પ્રમાણ વધી રહ્યું છે. અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ના આયુર્વેદિક દાકતરો દ્વારા આવા અનેક હઠીલા રોગો વિષે ની લોકોને વિસ્તૃત માહિતી, તેની સારવાર આપવામાં આવી. પુષ્યનક્ષત્ર નાં દિવસે ૦-૧૨ વર્ષ નાં બાળકો માટે સુવર્ણ પ્રાશન આપવમાં આવ્યું. પુષ્ય નક્ષત્ર ના દિવસે સુવર્ણ પ્રાશન નો સેવન કરવાથી બાળકો નો શારીરિક અને માનસિક વિકાસ વધે છે અને રોગપ્રતિકારકશક્તિ વધારવા માટે પણ ઉપયોગી છે. કેમ્પ માં આંખો નાં નમ્બર ની તપાસ અને ચશ્માં નું રાહત દરે વિતરણ પણ કરવામાં આવ્યું. તેમજ આંખો ની માવજત વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. જેનો નગરજનો દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લેવામાં આવ્યો હતો.

અત્યાર સુધી ડિસેમ્બર મહિનામાં કુલ ૫ કેમ્પ અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા યોજાયા હતા જેમાં આશરે ૮૦૦ થી વધારે ગ્રામ્યજનો ને સારવાર આપવામાં આવી હતી.

# ધોલેરામાં ગુજરાત - સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન સ્થાપિત કરવા માટે સેરેસ્ટ્રા ગ્રુપ સાથે ગુજરાત સરકારે એમ.ઓ.યુ કર્યા

## ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમીમાં પ્રસ્થાપિત કરવામાં સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન મહત્વપૂર્ણ બનશે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના મહત્વપૂર્ણ flagship પ્રોજેક્ટ ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન (DSIR)માં વિશ્વ સ્તરીય એજ્યુકેશન સ્પેશ્યલ રિજીયનની સ્થાપના માટેના એમ.ઓ.યુ આજે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.

'ગ્રીનફીલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સિટીઝ઼ અંતર્ગત દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડર રિજીયનના ભાગ રૂપે નિર્માણ પામી રહ્યો છે. DSIR અત્યારે વિવિધ સેવાઓ સાથે સજ્જ છે અને અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે, ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ભીમનાથ – ધોલેરા રેલ લાઈનના માધ્યમથી વ્યૂહાત્મક રીતે ઉપયોગી કનેક્ટીવીટીના વિકલ્પો પણ ધરાવે છે.

શહેરના નિર્માણ માટે માત્ર ઈમારતો જ નહીં પરંતુ સામાજિક બંધારણની મજબૂતી પણ



સમયસર જોઈતી હોય છે. આ મહત્વપૂર્ણ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સેરેસ્ટ્રા મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ધોલેરા-સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનમાં વિશ્વસ્તરીય ગુજરાત સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયનની સ્થાપના માટે આ એમ.ઓ.યુ. કર્યા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં આ એમ.ઓ.યુ. પર ગુજરાત સરકાર વતી ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના ચેરમેન અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ તથા મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસે તથા સેરેસ્ટ્રાના મેનેજિંગ પાર્ટનર જશમીત છાબરાએ હસ્તાક્ષર કર્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કહ્યું કે, ધોલેરા પહેલું ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર છે જે ઈન્ડસ્ટ્રીઅલ ૪.૦ ઉત્પાદનને ટેકો આપવા માટે નિર્માણ પામી રહ્યું છે.

આ સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન તે વિસ્તારના સર્વાંગી વિકાસમાં વેગ આપશે અને ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્યને પૂર્ણ કરવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે એમ તેમણે જણાવ્યું હતું.

સેરેસ્ટ્રા વેન્ચર્સ ભારતનું સૌથી મોટું શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ છે જે ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરીને ધોલેરામાં સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન સ્થાપિત કરશે.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીને SSIP ગુજરાત સરકાર દ્વારા પ્રશંસા એવોર્ડ એનાયત

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી વર્મિન પંચાલ ને માનનીય શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થતિ માં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી (ગુજરાત સરકાર ) દ્વારા તા.૧૭-૧૨-૨૦૨૦ ના રોજ અર્લી સ્ટેજ સ્ટાર્ટ અપ 'Testometic' માટે પ્રશંસા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.અત્રે ઉલ્લેખનીય છે કે SSIP પ્રશંસા એવોર્ડ માં અર્લી સ્ટેજ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ,ગ્રોથ સ્ટેજ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ તથા કેમ્પસ સ્ટાર્ટઅપ જેવી અલગ અલગ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈંદ્રજિત એન. પટેલે અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી (ગુજરાત સરકાર) એ યુવાનો એ આંત્રપ્રેન્યોર બનવા માટે તથા ઈનોવેશન માટે નાણાકીય પીઠબળ પૂરું પાડે છે.બીવીએમ ઈસી એન્જીનીયરીંગના વિદ્યાર્થી વર્મિન પંચાલ ને SSIP ગુજરાત સરકાર દ્વારા પ્રશંસા એવોર્ડ તથા રૂ ૧ લાખનું પ્રાઈઝ મળ્યું તે સંસ્થા માટે



ગૌરવપૂર્ણ બાબત છે ઉપરાંત વધુ માં વધુ વિદ્યાર્થીઓ જોબ સીકર્સ ને બદલે જોબ ગિવર્સ બને તે દિશામાં આ પ્રકારની સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડે છે

આ પ્રસંગે ઈસી એન્જીનીયરીંગ ના વડા તથા ઉપરોક્ત સ્ટુડન્ટ ના મેન્ટર ડૉ.ભાર્ગવ ગોરડિયા એ જણાવ્યું હતું કે ઈસી એન્જીનીયરીંગનો ભૂતપૂર્વ સ્ટુડન્ટ વર્મિન પંચાલ એ તેના 'Testometic' સ્ટાર્ટઅપ અંતર્ગત મોનાર્ક શાહ સાથે ત્રણ વેરિએન્ટ માં મશીન્સ ડિઝાઈન કરેલા છે જે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના ધારાધોરણ ને અનુસરે છે. ઉપરોક્ત સ્ટાર્ટઅપ નો મૂળભૂત ઉદ્દેશ્ય મીડીયમ તથા સ્મોલસ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કે જે મોટા મશીન્સ ખરીદી શકતી નથી તેમના માટે કૉસ્ટ ઈફેક્ટિવ તથા ફૂડ ટેસ્ટિંગ કરી આપે તેવા મશીન્સ ડિઝાઈન કરવાનો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત સ્ટાર્ટઅપ માટે nesco દ્વારા પણ ફંડ મળ્યું હતું જેમાં ડૉ.ભાર્ગવ ગોરડિયા એ ઉત્સાહપૂર્વક માર્ગદર્શન પૂરું પાડયું હતું.

ઉપરોક્ત સિદ્ધિ બદલ ડૉ.રાજવીરસિંહ રાણા (કોર્ડીનેટર,SSIP,બીવીએમ) એ અભિનંદન પાઠવ્યા હતા તથા બીવીએમનું SSIP CELL વિદ્યાર્થીઓ ને સ્ટાર્ટ અપ,પ્રુફ ઓફ કન્સેપટ,પ્રોડક્ટ ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન,તથા પેટન્ટ માટે નાણાકીય પીઠબળ પૂરું પાડે છે તથા covid-19 લોકડાઉનમાં પણ બીવીએમ દ્વારા આત્મનિર્ભર આઈડિયાથોન તથા હેકાથોન નું સફળતાપૂર્વક આયોજન થયું હતું જેણે સમગ્ર દેશના વિદ્યાર્થીઓ ને ઈનોવેશન માટે જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડયું હતું

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

# જન્મદિને વધામણી



ભવાનસિંહ યુવરાજસિંહ રાજપૂત



રૂદ્ર હાર્દિક જોષી
મો. ૮૭૩૩૮ ૨૯૭૧૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# રંગબેરંગી ફૂલો પાસે બેસી સુગંધીત શુદ્ધ હવા દ્વારા તંદુરસ્ત થવાનો પ્રયોગ હાથ ધરાયો

ચિલોડા, તા. ૨૧

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના આરોગ્ય કેન્દ્ર આગળ શતાબ્દી ફૂલવાડીમાં બારમાસી, ગલગોટા, મોગરો અને ગુલાબનો ઉછેર કરી વિવિધ રંગબેરંગી ખીલી ઊઠેલા ફૂલો પાસે સંકુલના સેવકો બેસી સુગંધિત શુદ્ધ હવા લઈ મન પ્રફુલ્લિત કરી તન તંદુરસ્ત બનાવવા માટેનો અનોખો પ્રયોગ હાથ ધરાયો છે. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠલ આરોગ્ય કેન્દ્રના તબીબી ચિકિત્સક અધિકારી ડૉકટર



નયનેશ વસાવા, નરવર મુખી, ચેતના જાનીના સહયોગથી આ શતાબ્દી સ્મૃતિ ફૂલવાડી બનાવવામાં આવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૪૦ લાભાર્થીઓને ધાબળા તથા સ્વેટરનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૨૦મી ડિસેમ્બરે છાત્રેશ્વરી તા. મોડોસામાં ૪૦ લાભાર્થીને ગરમ ધાબબા તથા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દર રવિવારે ખિચડી અને શાકનો લાભ આ વૃદ્ધોને મળી રહ્યો છે. બધાને મીઠાઈ, નાસ્તો રાધે તરફથી આપવામાં આવ્યો હતો. એક મહીનાનું રાસન પણ ત્યાં આપ્યું. કરણભાઈ, ઉર્મિલાબેન, દેવશ્રી, મિલિન્દભાઈ હતા, આ સેવા કાર્યમાં ગરમ ધાબળા ડૉ. સુરેશભાઈ શાહ તરફથી હતા.

# એસ.વી. અને એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓન લાઈન ક્રિસમસ ડે ઉજવાયો



ગાંધીનગર,તા. ૨૧

સર્વ વિદ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી. ,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન ક્રિસમસ ડે ઉજવાયો. વિદ્યાર્થીએ ઘરે રહીને ક્રિસમસ ડે સારી રીતે ઉજવ્યો હતો. ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓએ એ ક્રિસમસ ટ્રી, સાન્તાક્લોઝ ધોરણ ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ સ્નોમેન અને ધોરણ ૫ અને ૬ ના વિદ્યાર્થીઓએ ક્રિસમસ ડેકોરેશન કર્યું હતું અને ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ એ વન્ડરલેન્ડ બનાવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.



માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...

# સોમનાથ મંદિર શિખર ઉપર ૬૬ સુવર્ણ કળશો લગાવાયા





સોમનાથ મંદિર ઉપર શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સુવર્ણ કળશ પ્રાયોજના શરૂ કરવામાં આવી હતી, જેનો શ્રધ્ધાળુઓ દ્વારા સારો પ્રતિસાદ મળેલ છે. ટ્રસ્ટ દ્વારા શ્રધ્ધાળુઓ તરફથી કળશ ચઢાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલની પરીસ્થીતીએ કળશની પૂજા માટે કળશ નોંધાવનાર યજમાન રૂબરૂ આવી શકે તેમ નહોય, તો ટ્રસ્ટ દ્વારા વિડિયોકોલીંગ – ઝુમ એપ માધ્યમથી પૂજા કરાવવાની વ્યવસ્થા ગોઠવી છે. આજદીન સુધીમાં ૬૬ યજમાનો એ કળશ પૂજાનો લાભ લીધેલ છે. આ કળશ મંદિર પર ચડાવવામાં આવ્યા હતા.

# રાજપુત સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજયના પાટનગર એવા ગાંધીનગરના વતની અને હાલમાં નવા નરોડા ખાતે રહેતા પાયલબા યુવરાજસિંહ ચાવડા, કડી મહાવિધાલય સેકટર - ૨૩ ગાંધીનગરમાં કોમર્સ/એકાઉન્ટ વિભાગમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. અશ્વિનભાઈ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.વિજ્ઞાબેન એમ ઓઝાના માર્ગદર્શન નીચે પૂર્ણ કરેલ છે. "પ્રોફીટેબીલીટી એન્ડ પ્રોડકટીવીટી ટુ ડીસ્ટ્રીકટ કો.ઓ. ડેરી ગુજરાત" આ વિષય પર પાયલબા ચાવડા



એ ગાઈડની મદદથી ખૂબ સારૂ સંશોધન કાર્ય કરેલ છે. પાયલબા યુવરાજસિંહ ચાવડા મધૂરડેરીના ચેરમેન એવા રડાં.શંકરસિંહ આર રાણા ના દિકરીબા થાયછે. ડાં.શંકરસિંહ આર રાણા હાલ ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ હોવાના નાતે સમાજનું ગૌરવ વધાર્યું છે." બેટીબચાવો-બેટી પઢાઓ"ના સત્રને સાર્થક કર્યું છે.

# યુવા ઉત્સવ સ્પર્ધાઓનું આયોજન મહેસાણાના જિલ્લાના કલાકારો માટે ૧૮ સ્પર્ધાઓનુ આયોજન

મહેસાણા, તા. ૨૧

ભારત સરકાર દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓ માટે 'રાષ્ટ્રીય યુવા' ઉત્સવનુ ૫ થી ૮ જાન્યુઆરી -૨૦૨૧ દરમ્યાન યોજાનાર છે. જેમાં ગુજરાતની ટીમ ભાગ લઈ શકે તે માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓવિભાગ, ગાંધીનગર હસ્તકની કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે પ્રતિ વર્ષ યોજાતી જિલ્લા, ઝોન, રાજયકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધાઓ પૈકી ચાલુ વર્ષ સ્પર્ધાઓનુ આયોજન જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, મહેસાણા દ્વારા યોજવામાં આવનાર છે. રાજયકક્ષા સુધી આ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ ૧૮ કૃતિઓની 'વર્ચ્યુઅલ' સ્પર્ધાઓનુ આયોજન થનાર છે. જિલ્લાકક્ષાની એન્ટ્રીઓ તા.૨૪/૧૨/૨૦૨૦ સુધી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.-૧, ત્રીજો માળ, બહુમાળી ભવન, મહેસાણાને કૃતિની CD/Pen drive મોકલી આપવાનીરહેશે. જેમાં (૧) લોકનૃત્ય (૨) શાસ્ત્રીયનૃત્ય-ભરતનાટ્યમ (૩) શા.મણિપુરી (૪) શા. ઓડિસી (૫) શા.કથ્થક (૬) શા. કુચિપૂડી (૭) શાસ્ત્રીય કંઠ્ય સંગીત (૮) કર્ણાટકી સંગીત (૯) સિતાર (૧૦) વાંસળી(૧૧) વીણા (આ સ્પર્ધાઓ માટે સમય ૧૫ મિનિટનો રહેશે) (૧૨) લોકગીત (૦૭ મિનિટ) (૧૩) એકાંકી (અંગ્રેજી/હિન્દી ૩૦ થી ૪૫ મિનિટ) (૧૪) તબલાં (૧૫) મૃદંગમ (૧૬) હાર્મોનિયમ (હળવું) (૧૭) ગિટાર (આ સ્પર્ધાઓ માટે સમય ૧૦ મિનિટનો રહેશે.) વિગતો તૈયાર કરી ઉકત કચેરીએ મોકલી આપવાની રહેશે. (૧૮) શીઘ્ર વકતૃત્વ (અંગ્રેજી/હિન્દી) આ કચેરીમાં તા.૨૪/૧૨/૨૦૨૦ના સવારે ૧૧:૦૦ કલાકના રોજ વિષય મેળવી ૧ કલાકમાં CD તૈયાર કરી કચેરીએ મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી ફોન નંબર-૦૨૭૬૧-૨૨૨૬૦૨ પર સંપર્ક કરવો તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.